**શ્રી કે.પી.શાહ લો કોલેજ-જામનગર**

**જોઈએ છે - જુનિયર કલાર્ક-૧ (બીન-અનામત)**

શ્રી વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શ્રી કે. પી. શાહ લો કોલેજ, અરવિંદ માર્ગ, સાત રસ્તા, જામનગર-૩૬૧૦૦૧ ને સંયુકત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ)ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કવટ/ISC3/એન.ઓ.સી.૨૦૨૩-૨૪/૨૦૪૫૪-૫૯ તા.૧૦-૧૦-૨૦૨૩ થી એન.ઓ.સી. મળેલ છે, આ અનુસંધાને નીચેમુજબ ભરતી કરવાની થાય છે. (૧) શૈક્ષણિક લાયકાત - સ્નાતક, અનુભવ, વય અને ભરતીના નિયમો વગેરે ગુજરાત સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર. (૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. (૩) રાજય સરકારશ્રીના ધારાધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિકસ પગારની રહેશે, જે પાંચ વર્ષ પૂર્ણ થયેથી નિયમિત કરી શકાશે. આ સમયગાળામાં અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર નથી. (૪) અધુરી, અસ્પષ્ટ વિગતો વાળી અને પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ ગ્રાહય રહેશે નહીં. (૫) અરજી ફોર્મ સંસ્થાની વેબસાઈટ www.kpshahlaw.in પરથી પ્રિન્ટ લઈ સ્વપ્રમાણિત તમામ આધારો સાથે રજી.પોસ્ટ એ.ડી. દ્વારા લાયકાત ધરાવતા ઉમેદવારે જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ (પંદર) માં ઉપરોકત સરનામે પોતાના સરનામાવાળા ૯×૪ સાઈઝના કવર ઉપર રૂા.૩૦/- ની ટપાલ ટીકીટ ચોંટાડીને અરજી મોકલવાની રહેશે. ભરતી સબંધિત તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ પર સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવશે જે સબંધિત ઉમેદવારોએ જોતા રહેવા જણાવવામાં આવે છે.

**આચાર્યશ્રી / સહમંત્રીશ્રી**

**ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી**

**કોલેજ વહીવટ શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન**

**ગાંધીનગર ગુજરાત રાજ્ય**

જા.ક્ર. :- કવટ/ISC3/એન.ઓ.સી/ ૨૦૨૩-૨૪/ 2086 તા. ૧૦/૧૦/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

શ્રી કે.પી.શાહ લો કોલેજ જામનગર

વિષય: બિન શૈક્ષણિક વર્ગ-૩ ની જગા ભરવા માટે એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ: ૧. શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૧૦૫/૩૯૩/ખ(પા.ફા.), તા.૦૪.૦૫.૨૦૧૬

૨. સંસ્થાની દરખાસ્ત તા. 05/10/2023

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપની સંસ્થા તરફથી આ કચેરીના સુચનાનુસાર રજુ કરવામાં આવેલ વખતો વખતની વિગતો આધારે આપના મંડળ સંચાલિત કોલેજમાં નીચે મુજબની વર્ગ-૩ની જગાઓ નીચે જણાવેલ નિયમ શરતોને આધીન સીધી ભરતીથી ભરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરેલ જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | અનામત કેટેગરી |
|---|---|---|---|
| ૧ | જુ.ક્લાર્ક | 1 | GEN |
| | | | |

<u>શરતો: -</u>

૧) સદર એન.ઓ.સી. અનુદાનિત બી.એડ.કોલેજો માટે સરકારશ્રીના તારીખ:૦૮/૦૮/૧૯૮૩ નાં ઠરાવ તથા અનુદાનિત પ્રવાહની વાણિજ્ય,વિજ્ઞાન,વિનયન,લો કોલેજો અને ખાસ સંસ્થાઓ માટેના સંદર્ભ-૧ના ગ્રાન્ટના મૂળ ઠરાવની તારીખ:૧૫/૧૧/૧૯૮૯ તથા ત્યારબાદના તારીખ:૨૭/૦૬/૧૯૯૬ નાં ઠરાવ અને વખતો વખતના ઠરાવની જોગવાઇઓને આધીન તેમજ પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણે આધીન રહેશે.તેમજ આ જગા ઉક્ત ઠરાવોની જોગવાઇઓ મુજબ જ્યાં સુધી વિધ્યાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યાં સુધી તથા ભરાયેલ જગ્યા કોઇપણ કારણસર ખાલી ન પડે ત્યાં સુધી અમલમાં રહેશે.

૨.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામા આવેલ જગા ભરવા માટે જ આપની કોલેજ કે સંચાલક મંડળ હસ્તકની કોલેજમાં આ જગ્યાના કર્મચારી સરપ્લસ થઇ અન્ય કોલેજમા સમાવ્યા હોય તો તેઓને અગ્રતા આપી ફરજિયાત રિકોલ કરવાના રહેશે.

૩.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૧૧૦૫/૩૯૩/ખ(પા.ફા.) તા.૦૪/૦૫/૨૦૧૬ ની શરતોને આધીન આપવામાં આવે છે.

૪.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા મંજુર થયા તારીખથી ૦૧(એક) વર્ષ સુધી ચાલુ રાખી શકાશે.જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા પુર્ણ ન થાય તો આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે.

30/10/2023

૫.) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગનાં નક્કી કરેલ પ્રવર્તમાન ભરતી નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવાની રહેશે.

૬.) શિક્ષણ વિભાગના તારીખ:૦૬/૧૦/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ. અન્વયે આ કચેરીનાં તારીખ:૦૨/૧૧/૧૯૯૯ પરિપત્ર ક્રમાંક:ઉબક/ડીપી/(વ.૨)/૬/૯૯-૯૯/૦૦૮ થી ૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતિ એ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વ મંજુરી આ કચેરીએ થી મેળવ્યા બાદ જ નિમણુંક હુકમ આપવાનો રહેશે.

૭.) સીધી ભરતીથી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગનાં તારીખ:૧૪/૦૩/૧૯૮૯ ના પરિપત્રની જોગવાઇ મુજબ રાજ્ય વ્યાપી પ્રસિધ્ધ દૈનિક વર્તમાન પત્રોમાં જે તે કેટેગરી માટે અનામત રાખી હોય તેનો તેમજ જગ્યાની સંખ્યા અને પગાર ધોરણ નો ઉલ્લેખ કરી નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારેજ અરજી કરવા સ્પષ્ટ જણાવવાનું રહેશે.

૮.) પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ તરીકે આ કચેરીના તારીખ:૦૩/૦૧/૧ ? ના પરિપત્રોમા જણાવ્યા મુજબના પ્રતિનિધિને અવશ્ય બોલાવવાના રહેશે.

૯.) આ કચેરીના તારીખ:૨૯/૦૬/૧૯૯૨ની પરિપત્ર ક્રમાંક:ઉબક/સરપ્લસ/૯૨-૯૩/૬.૧/૧૨૩૯-૯૨૮ યે આપેલ સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૦.) આ કચેરીના તારીખ:૧૩/૦૩/૧૯૯૩ નાં પરિપત્ર ક્રમાંક:ઉબક/સરપ્લસ/૯૨-૯૩/૬.૧/૬૪૨૮-૯૨૭ અન્વયે આપેલ સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૧.) નિમણુક કરવામાં આવતી જગાની વહીવટી મંજુરીની દરખાસ્તમાં આપેલ જાહેર ખબરનાં અસલ દૈનિક પત્રોના આખા પાનાં રજુ કરવાના રહેશે.

૧૨.) આ કચેરીની પુર્વમંજુરી/વહીવટી મંજુરી મેળવ્યા બાદ જ નિમણુક આપવાની રહેશે તથા નિમણુંક પામનાર ઉમેદવારની નિમણુંક પાંચ વર્ષ માટે સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ ની નિયત કરવામા આવેલ વખતો વખત થયેલ સુધારા ઠરાવોના ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં અનુસાર કરવાની રહેશે.

૧૩.) આ પાંચ વર્ષ દરમ્યાન સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ થી નિયત કરવામાં ..વેલ ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં ઉપર કોઇ જ પ્રકારના વધારાના ભથ્થા મળવા પાત્ર થશે ન.. આ ઉપરાંત કોઇપણ પ્રકારનો પગાર વધારો કે ઉજાફો, મોંઘવારી ભથ્થુ,વચ્ચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો, મેડીકલ રીએમ્બર્સમેન્ટ,બોનસ,એલટીસી,રજાનુ રોકડમાં રૂપાંતર,પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.પાંચ વર્ષની આ નોકરી દરમ્યાન અવસાનના પ્રસંગે વારસદાર/આશ્રિતને એક્સ્ગ્રેસિયા રકમ કે રહેમરાહે નોકરી કે નાણાકીય સહાય મળી શકશે નહી.

૧૪.) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુક આપવામા આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામા આવશે નહી તથા નિયત પગારમાં સમાવ્યા તારીખે પેન્શન અંગેની જે યોજના અમલમાં હશે તે લાગુ પડશે.

૧૫.) જે કોલેજમાં વિધ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ કર્મચારીઓને છુટા કરવામા આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.

૧૬.) આ જગા હેઠળ નિમણુક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૧૭.) આ જગા હેઠળ નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને કોલેજના વેકેશન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી તે સિવાય અન્ય કોઇ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાનો રહેશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૮.) આ જગા હેઠળ નિમણુંક પામનારે કાર્ય મથક પર રહેઠાણે ફરજિયાત રહેવાનુ રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

૧૯.) ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી આઠ કી.મી. બહાર જવાનું થાય તો સરકારશ્રીના જે તે સમયના પ્રવર્તમાન નિયમોનુસાર ભથ્થા મળવા પાત્ર થશે.

૨૦.) નિમણુંક પામેલ કર્મચારીની સંતોષકારક કામગીરી કે અશિસ્ત ના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિ./રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરી શકશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચુક કરવાની રહેશે.

૨૧.) પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણુક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

૨૨.) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૨૩.) ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર મેળવવાનુ રહેશે.

નોંધ ઉપર માન.નિયામકશ્રીના આદેશાનુસાર

સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના:

-પ્રમુખ/મંત્રીશ્રી, કોલેજ સબંધીત સંચાલક મંડળ.

નકલ સવિનય જાણ સારૂ રવાના:

- ઉપ સચિવશ્રી, ખ-શાખા, શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી,(હિસાબ),ડી.પી.શાખા, સદર કચેરી,
- હિસાબી અધિકારીશ્રી, ગ્રાન્ટ/ઓડિટ શાખા, સદર કચેરી.

શાખાના અધિકારીના ઈ-મેઈલ આઈડી :- ssadmin-che@gujgov.edu.in, kvt.isi3-che@gujgov.edu.in
નાયબ નિયામકના ફોન નંબર :- 079-23253995

## Syllabus for the Post of Junior Clerk Examination

| |
|---|
| ➢ General Intelligence & Reasoning |
| ➢ General Awareness |
| ➢ Quantitative Aptitude |
| ➢ Gujarati and English Grammar |
| ➢ Current Affairs |
| ➢ General Knowledge |
| ➢ RTI Act , UGC Act and Gujarat Public Universities Act 2023 |
| ➢ Knowledge of Accounting and Examination |
| ➢ Office Procedure, Noting & Drafting (Manual and Computerised) |
| ➢ ICT |

# -: અરજીનો નમૂનો :-

અરજી કરેલ જગ્યાનું નામ : જુનિયર ક્લાર્ક (ઓપન જનરલ)

(તાજેતરનો ફોટો લગાડવો )

સહીઃ ____________

(૧) ઉમેદવારનું નું નામ : ______________________________

(અટક) (નામ) (પિતા / પતિનું નામ)

(૨) માતાનું નામ : ______________________________

(૩) જન્મ તારીખ : ____________ **(DD/MM/YYYY)** ફોરમેટમાં દર્શાવવી.

(૪) લિંગ (સ્ત્રી/પુરુષ) : ____________ (૫) વૈવાહિક દરજ્જો : ____________

(૬) મોબાઈલ નંબર : ____________ (૭) ઈ-મેઈલ આઈ.ડી. : ____________

(૮) પત્ર વ્યવહારનું સરનામું : ______________________________

તાલુકો : ____________ જિલ્લો : ____________ રાજયઃ ____________ પીનકોડ : ____________

(૯) કાયમી સરનામું : ______________________________

તાલુકો : ____________ જિલ્લો : ____________ રાજયઃ ____________ પીનકોડ : ____________

(૧૦) જાતિ : ____________ OPEN/SC/ST/SEBC/EWS

(૧૧) નાગરિકતા : ------------------------------------- (૧૨) વિધવા : હા/ના : ____________

(૧૩) અનુભવ : ૧.______________________________

૨.______________________________

(૧૪) શૈક્ષણિક લાયકાત :

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | શાળા/કોલજનું નામ | બોર્ડ/યુનિવર્સિટી | ટકાવારી | પાસ કર્યાનું વર્ષ અને માસ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

-: <u>બાંહેધરી</u> :-

હું ______________________________________________________________ આથી ખાતરી પૂર્વક જાહેર કરું છું કે અરજી પત્રક મુજબની વિગતો મારી જાણ મુજબ સાચી અને ખરી છે. જો તેમાં કોઈપણ વિગત ખોટી હશે તો તે અંગે સંપૂર્ણ જવાબદારી મારી રહેશે અને તે અંગે સંસ્થાનો નિર્ણય અંતિમ રહેશે અને તે મને બંધનકર્તા છે તેની હું બાંહધે રી આપું છું. આ ઉપરાંત હું જાહેરાતમાં દર્શાવેલ શરતોને અનુરૂપ પાત્રતા ધરાવું છું. તથા મને ભરતી અંગેના નિયમો મંજુર છે.

ઉમેદવારની સહી ___________________________

-

**<u>બિડાણ :-</u>**

૧. ધો.૧૦ ની માર્કસીટ તથા પાર્સીંગ સર્ટીફીકેટની નકલ. (ફરજીયાત)
૨. ધો.૧૨ ની માર્કસીટ તથા પાર્સીંગ સર્ટીફીકેટની નકલ. (ફરજીયાત)
૩. ગ્રેજયુએશનની માર્કસીટ (ફરજીયાત) તથા ડીગ્રીની નકલ. (હોય તો)
૪. ગ્રેજયુએશન પછી કોઈ અભ્યાસ કરેલ હોય તો તેની
માર્કસીટ (ફરજીયાત) તથા ડીગ્રીની નકલ (હોય તો) (લાગુ પડતું હોય તો )
૫. CCC / CCC+ પાસ કરેલ હોય તો તેના પ્રમાણપત્રની નકલ.
૬. સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટની નકલ. (ફરજીયાત)
૭. અનુભવના પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તો)
૮. જયાં કામ કરતા હોય તેના વડાની એન.ઓ.સી.
૯. અન્ય કોઈ શૈક્ષણિક લાયકાત હોય તે તમામ ડોકયુમેન્ટની નકલ જોડવા.

# શ્રી વિદ્યોત્તેજક મંડળ સંચાલિત – શ્રી કે. પી. શાહ લો કોલેજ

અરવિંદ માર્ગ, સાત રસ્તા – જામનગર–૩૬૧૦૦૧

વેબસાઈટ એડ્રેસ : www.kpshahlaw.in

શ્રી વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શ્રી કે. પી. શાહ લો કોલેજ–જામનગર (ગ્રાન્ટ–ઈન–એઈડ) ને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા જુનિયર કલાર્કની ભરતીની એન.ઓ.સી. પત્ર ક્રમાંક : કવટ/ISC/એન.ઓ.સી.૨૦૨૩–૨૪/૨૦૪૫૪–૫૯ તા.૧૦–૧૦–૨૦૨૩ અન્વયે નીચે મુજબની કેટેગરીના ઉમેદવારો પાસેથી વેબસાઈટ પર મુકેલ નિયત નમૂના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વયંમ પ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી ઉપરોકત સરનામે દિન–૧૫ માં ફકત રજીસ્ટર પોસ્ટથી રજુ કરવા જણાવવામાં આવે છે.

**(૧) સંવર્ગવાર જગ્યાની વિગતો :**

| ક્રમ | કોલેજનું નામ | જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યા | કેટેગરી |
|---|---|---|---|---|
| ૧ | શ્રી કે. પી. શાહ લો કોલેજ – જામનગર | જુનિયર કલાર્ક | ૦૧ | બિન અનામત |

**(૨) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :**

- માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલા હોવા જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી બંને ભાષાઓનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- રાજય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.
- એન. ઓ. સી. ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિકસ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લઘુતમ પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહીં.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા.૧૦–૧૦–૨૦૨૩ થી મળેલ એન.ઓ.સી.ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધુરી તેમજ આધાર–પુરાવા વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ્દ ગણાશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નકકી કરેલ ભરતીના નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવામાં આવશે.
- ઉમેદવારોએ જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.
- ઉપરોકત કોલેજની વેબસાઈટ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની આગામી માહિતી પુરી પાડવામાં આવશે, જેથી ઉમેદવારોએ અવાર–નવાર કોલેજની વેબસાઈટ જોતા રહેવું.

આચાર્ય / માનદ્મંત્રી
શ્રી વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શ્રી કે.પી.શાહ લો કોલેજ
જામનગર

# શ્રી વિદ્યોત્તેજક મંડળ સંચાલિત – શ્રી કે. પી. શાહ લો કોલેજ

અરવિંદ માર્ગ, સાત રસ્તા – જામનગર–૩૬૧૦૦૧

વેબસાઈટ એડ્રેસ : www.kpshahlaw.in

## લેખિત પરીક્ષા અંગે ઉમેદવાર માટે અગત્યની સૂચના

(૧) પાત્રતા ધરાવતા ઉમેદવારે પ્રાથમિક લેખિત પરીક્ષા ૧૦૦ માર્કની (MCQ) આપવાની રહેશે અને આ પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ પાસ થવા માટે મેળવવા ફરજીયાત રહેશે. આ પરીક્ષા એક કલાકની રહેશે.

(૨) ઉપરોકત પ્રાથમિક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીની મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને આ મેરીટ યાદીમાં પ્રથમ ૭ (સાત) ઉમેદવારોને મુખ્ય પરીક્ષા (MCQ) ૨૦૦ માર્કની પરીક્ષા માટે બોલાવવામાં આવશે અને આ પરીક્ષામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનારને નિમણૂંક આપવામાં આવશે. આ પરીક્ષામાં મીનીમમ પાસીંગ માર્કસ ૮૦ માર્ક રહેશે. આ નિમણૂંક ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરની મંજુરીને આધિન રહેશે.

(૩) પ્રત્યેક પ્રશ્ન પત્રનો ઉત્તર **A, B, C, D** પૈકી કોઈ એક છે.

(૪) ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે **OMR** ઉત્તર પત્રકમાં વિકલ્પ **E** આપેલ છે.

(૫) ઉમેદવારે બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજીયાત છે.

(૬) પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ/કોલેજ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબ દીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબ દીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ **( E )** ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહીં.
- જવાબ ચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો મંડળ/કોલેજ દ્વારા એક પ્રશ્નના એક થી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે.

(૭) ઉમેદવારે વાદળી/કાળી બોલ પોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહીં.

(૮) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઈલ ફોન, પેજર કે કેલકયુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગરલાયક ગણવામાં આવશે.

(૯) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરો અંદર વાતચીત, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે, અને આવા ઉમેદવારને પરીક્ષામાંથી તૂરત દૂર કરવામાં આવશે.

(૧૦) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવાની શખ્ત મનાઈ છે.

(૧૧) પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૨) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર, ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સૂચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

(૧૩) પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરીપત્રકમાં પોતાનો ફોટો ચોટાડી સાથે અચૂક લાવવાનો રહેશે, અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

(૧૪) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્રની ઓરીજીનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશ.

(૧૫) નિર્ધારીત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ ઉમેદવારે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે.

(૧૬) ઉમેદવાર ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશે કે તેમની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલકયુલેટર, પેનડ્રાઈવ, સી.ડી. વગેરે જેવા કોઈપણ વિજાણું સાધનો મળી આવશે તો તે આપોઆપ ગેરલાયક ઠરશે તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

(૧૭) પરીક્ષા શરૂ થયા પછીથી કોઈપણ સંજોગોમાં પ્રવેશ મળી શકશે નહીં.

(૧૮) **ચેતવણી :** સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારી/કર્મચારી ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરાશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

(૧૯) **વિશેષ સૂચના :** ઉમેદવારોને લાંચ રુસ્વત/લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે.

(૨૦) પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સૂચનાઓ મંડળ/કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે.
(૨૧) લાયક ઉમેદવારોને કોલ લેટર રજીસ્ટર પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે.

આચાર્ય / માનદ્મંત્રી
શ્રી વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શ્રી કે.પી.શાહ લો કોલેજ
જામનગર